सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| ફાઈલ તારીખ | ૨૬/૦૫/૨૦૨૬ | | |
| દાખલ તારીખ | ૨૬/૦૫/૨૦૨૬ | | |
| ફેંસલ તારીખ | ૨૨/૦૬/૨૦૨૬ | | |
| **સમયગાળો** | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | ૦૦ | ૦૦ | ૨૭ |

---

**મહેરબાન ભરૂચનાં છઠ્ઠા એડીશનલ સેસન્સ જજ સાહેબની કોર્ટમાં,**
**મુકામ : ભરૂચ**

---

**ફોજદારી પરચુરણ અરજી નં. ૪૦૮/૨૦૨૬**

**આંક : – ૦૯**

**અરજદાર/આરોપી :–** (૧) **યોગેશ ઉર્ફે ભાલેરાવ સંતોષ બેલેરાવ,**
ઉ.વ. ૨૭, ધંધો – નોકરી,
(૨) **સંજુકુમાર રામધ્યાન વસાવા,**
ઉ.વ. ૨૨, ધંધો – ગેરેજ,
બન્ને રહે. જુની વાડી, વસંતમિલની ચાલ, ભારતી પેટ્રોલ પંપની સામે, ભરૂચ.

**વિરૂધ્ધ...**

**સામાવાળા :– ધ સ્ટેટ ઓફ ગુજરાત.**

**વિષય :– બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ મુજબ રેગ્યુલર જામીન અરજી.**

---

અરજદારો તરફે વિ. વ. શ્રી વી. એન. ભરવાડ
સરકારશ્રી તરફે વિ. એ.પી.પી.શ્રી જે. જે. પરમાર

---

**–:: ચુકાદો ::–**

(૧) ભરૂચ સીટી 'એ' ડિવીઝન પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૧૯૯૦૧૦૨૬૦૧૭૦/૨૦૨૬ થી બી.એન.એસ. ની કલમ–

૧૧૧(૨)(બી), ૧૨૬(૨), ૩૦૮(૨), ૩(૫) મુજબનાં ગુનાનાં કામે અરજદારો/આરોપીઓ તરફે ચાર્જશીટ બાદ રેગ્યુલર જામીન ઉપર મુકત થવા હાલની જામીન અરજી કરેલ છે.

(૨) અરજદારો/આરોપીઓનાં વિ.વકીલશ્રી તથા વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા, ત.ક.અધિકારીશ્રી તરફે રજુ **આંક–૦૫** નું સોગંદનામું, આરોપી તરફે **આંક–૦૩** નાં લીસ્ટથી રજુ દસ્તાવેજોને ધ્યાને લીધા.

(૩) અરજદારો/આરોપીઓનાં વિ.વકીલશ્રીની મુખ્યત્વે એવી દલીલ છે કે, ઉપરોકત ગુનાના કામે અરજદારો/આરોપીઓને તા. ૨૩/૦૨/૨૦૨૬ ના રોજ અટક કરી તા. ૨૪/૦૨/૨૦૨૬ નાં રોજ નામ. કોર્ટમાં રજુ કરેલ, ત્યારથી આરોપીઓ જયુડી. કસ્ટડીમાં છે, ત્યારબાદ ત.ક.અધિકારીએ તપાસ પૂર્ણ કરી ચાર્જશીટ દાખલ કરેલ છે, જેનો સેસન્સ કેસ નં. ૫૬/૨૦૨૬ પડેલ છે, જેથી આરોપીઓએ ચાર્જશીટનાં તબકકે આ પ્રથમ જામીન અરજી દાખલ કરેલ છે. વધુમાં રજુઆત છે કે, આરોપીઓએ કહેવાતો ગુનો કરેલ નથી, ફરીયાદી તથા સાહેદો દ્વારા ખોટી વિગતોનાં આધારે ખોટી ફરીયાદ કરેલ છે, આરોપીઓ દ્વારા કોઇપણ જાતનાં ગેરકાયદેસર નાણાં ઉઘરાવવામાં આવેલ નથી, આરોપીઓ નિર્દોષ છે, જેથી આરોપીઓને જામીન મુકત કરવા રજુઆત કરેલ છે. વધુમાં રજુઆત છે કે, ફરીયાદ વંચાણે લેવામાં આવે તો, સ્પષ્ટપણે જણાઇ આવશે કે ફરીયાદી દ્વારા કહેવાતા બનાવ બાબતે ઘણા લાંબા સમય બાદ લોકોની ચઢામણીમાં આરોપીઓ વિરૂધ્ધ ખોટી ફરીયાદ કરેલ છે તેમજ હાલનાં ગુનાનું ચાર્જશીટ થઇ ગયેલ છે અને કેસ ચાલતા લાંબો સમય લાગે તેમ છે જો આરોપીઓને વધુ સમય જેલમાં રાખવામાં આવે તો પ્રિ–ટ્રાયલ પનીશમેન્ટનો ભોગ બને તેમ છે, જેથી આરોપીઓને જામીન મુકત કરવા રજુઆત કરેલ છે. વધુમાં રજુઆત છે કે, આરોપીઓ ભરૂચનાં સ્થાનીક રહેવાસી છે, નાસી ભાગી જાય તેવા ઇસમ નથી અને નામ. કોર્ટ ફરમાવે તે તમામ શરતોનું પાલન કરવા તૈયાર છે, જેથી આરોપીઓને જામીન મુકત

કરવા રજુઆત કરેલ છે. વધુમાં આરોપીઓ તરફે નામ. સુપ્રિમ કોર્ટ State of Rajasthan V/s Balchand, AIR 1977 SC 2447 તથા Datatam Singh V/s State of U.P. (2018) 3 SCC 22 નાં ચુકાદાઓ આધાર રાખેલ છે.

(૪) ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીએ આઇ.ઓ.નાં **આંક–૦૫** નાં સોગંદનામાને અનુરૂપ મહત્વની દલીલ કરી રજુઆત કરેલ છે કે, આ કામનાં ફરીયાદી તેમની ઓટો રીક્ષા નં. જીજે–૦૭–ટી.વી.–૯૫૬૦ ની લઇને જતા હોય, ત્યારે આરોપીઓએ ફરીયાદીને જુની મામલતદાર કચેરીની સામે ભુગૃરૂષી બ્રિજની પાસે ગેરકાયદેસર રીતે ફરીયાદીની રીક્ષા ઉભી રખાવીને લોનનો હપ્તો નહી ભરેલ રીક્ષા જમાં લઇ લેવાનું કહીને ધમકાવીને ફરીયાદી પાસેથી રૂા. ૫૦૦૦/– બળજબરીપૂર્વક કઢાવી લીધેલ હોય અને સાહેદ (૧) સમીરાબાનું મહંમદ શબ્બીર ગુલામનબી મલેકનાઓને તા. ૧૩/૦૨/૨૦૨૬ નાં રોજ ભરૂચ શાલીમાર ખાતે આશરે કલાક ૧૨:૦૦ વાગ્યાની આજુબાજુમાં તેની જયુપીટર મોપેડ ગાડી નં. જીજે–૧૬–ડી.એમ.–૮૨૧૪ ની ઉભી રખાવીને લોનનો હપ્તો નહી ભરેલ મો.સા. જમા લઇ લેવાનું કહીને ધમકાવીને રૂા. ૩,૦૦૦/– રોકડા બળજબરીપૂર્વક કઢાવી લીધેલ તેમજ સાહેદ (૨) રાજેશકુમાર ચંદુભાઇ તંતીને તા. ૧૨/૧૨/૨૦૨૫ નાં રોજ ભોલાવ એસ.ટી. ડેપોની સામે ઇલોરા પાર્ક સોસાયટીની સામે રોડ પર આશરે સવારનાં અગીયાર વાગ્યાનાં અરસામાં તેની સ્વીફટ ડિઝાયર ફોરવ્હીલ ગાડી જેનો નં. જીજે–૧૭–સી.એન.–૦૭૬૩ ની ઉભી રખાવીને લોનનો હપ્તો નહી ભરેલ ફોરવ્હીલ ગાડી જમા લઇ લેવાનું કહીને ધમકાવીને રૂા. ૧૦,૦૦૦/– રોકડા બળજબરીપૂર્વક કઢાવી લીધેલ હોય તેમજ સાહેદ (૩) સેફઅલી સાજીદઅલી સૈયદનાઓએ તા. ૧૯/૦૨/૨૦૨૬ નાં રોજ ભરૂચ પાંચબત્તી પાસે આવેલ એકસીસ બેંકની બહાર તેની મો.સા. નં. જીજે–૧૬–ઇ.બી.–૧૯૧૯ નો લોનનો હપ્તો નહી ભરેલ મો.સા. જમા લઇ લેવાનું કહીને ધમકાવીને રૂા. ૫૦૦/– રોકડા બળજબરીપૂર્વક કઢાવી લીધેલ હોય એમ ત્રણેય

સાહેદનાં કુલ રૂા. ૧૩,૫૦૦/- તેમજ ફરીયાદીનાં રૂા. ૫,૦૦૦/- એમ કુલ મળી રૂા. ૧૮,૫૦૦/- ફરીયાદી તથા સાહેદોનાં વાહનો ગેરકાયદેસર રીતે રોકાવી ધમકાવીને ભયમાં મુકીને બળજબરીપૂર્વક કઢાવી રૂપીયા પડાવી લઇ પોતાના આર્થિક ફાયદા સારૂ સંગઠીત ગુનો કરી એકબીજાની મદદગારી કરી ગુનો કર્યાનો આક્ષેપ છે. વધુમાં રજુઆત છે કે, આરોપી યોગેશ ઉર્ફે ભાલેરાવ સંતોષભાઇ બેલેરાવ વિરૂધ્ધ ભરૂચ જિલ્લાનાં અલગ-અલગ પો.સ્ટે.માં પ્રોહીબીશનના, હાલનાં ગુના જેવા તથા અન્ય કલમો હેઠળ કુલ-૯ ગુનાઓ નોંધાયેલ છે, જયારે આરોપી સંજુકુમાર રામધ્યાન વસાવા વિરૂધ્ધ પણ ભરૂચ જિલ્લાનાં તથા અન્ય જિલ્લાનાં પો.સ્ટે.માં પ્રોહીબીશનના, હાલનાં ગુના જેવા તથા અન્ય કલમો હેઠળ કુલ-૯ ગુનાઓ નોંધાયેલ છે, જેથી અરજદાર/આરોપીઓ ઘણા જ રીઢા અને આવા પ્રકારનાં ગુનાઓ આચરવાની ટેવવાળા છે, જેથી જામીન મુકત કરવામાં આવશે તો ફરી વખત આવા ગુના કરે/કરાવે તેવી શકયતા જણાતી હોય, જેથી આરોપીને જામીન મુકત ન કરવા રજુઆત કરેલ છે. વધુમાં રજુઆત છે કે, આરોપીઓને સરળતાથી જામીન મુકત કરવામાં આવશે તો બીજા ઇસમો પણ આવા ગુનાઓ કરવા ખચકાશે નહી, જેથી આરોપીઓને જામીન મુકત ન કરવા રજુઆત કરેલ છે.

(૫) વધુમાં હાલનાં ગુનાના મુળ ફરીયાદી પઠાણ શરીફખાન મેહબુબખાનનાઓએ વિ.વકીલશ્રી મારફતે હાજર થઇ **આંક-૦૮** થી પુરસીસ રજુ કરી જણાવેલ છે કે, આરોપીઓને જામીન ઉપર મુકત કરવામાં આવે તો, ફરીયાદીને કોઇ પ્રકારનો વાંધો કે વિરોધ નથી અને ફરીયાદી સ્વૈચ્છાએ કોઇપણ જાતનાં દાબદબાણ વિના કોર્ટમાં આ હકીકત જાહેર કરે છે.

(૬) આરોપી સામેના આક્ષેપીત ગુનાની હકીકત જોવા એફ.આઇ.આર. તથા પોલીસ પેપર્સ ધ્યાને લેતા, આ કામનાં ફરીયાદી તેમની ઓટો રીક્ષા લઇને જતા હોય તે દરમ્યાન ફરીયાદીની રીક્ષા ઉભી રખાવી

લોનનો હપ્તો નહી ભરે તો રીક્ષા જમાં લઇ લેવાનું કહી ધમકાવી ફરીયાદી પાસેથી રૂા. ૫,૦૦૦/– બળજબરીપૂર્વક કઢાવી લઇ તેમજ ફરીયાદમાં જણાવ્યા મુજબનાં સાહેદોને પણ તેમનાં વાહનો ગેરકાયદેસર રીતે રોકાવી ધમકાવી ભયમાં મુકીને રૂપિયા પડાવી લઇ આરોપીઓએ ગુનો કર્યાનો આક્ષેપ છે. વધુમાં પોલીસ એફીડેવીટ જોતા આરોપીઓ સામે સંગઠીત થઇ ગુનાઓ આચરવા અંગે બી.એન.એસ.ની કલમ–૧૧૧(૨)(બી) મુજબનો ઉમેરો કરવામાં આવેલ હોય તેમ જણાય છે. વધુમાં આંક–૦૫ થી રજુ ત.ક.અધિકારીશ્રીનું સોગંદનામું જોતા હાલનાં આરોપીઓએ આ કામનાં ફરીયાદી સિવાય સાહેદ રાજેશકુમાર ચંદુભાઇ તંતી, સાહેદ સેફઅલી સાજીદઅલી સૈયદ, સાહેદ સમીરાબાનું મહંમદ શબ્બીર ગુલામનબી મલેકનાઓ પાસેથી પણ આ જ રીતે તેમનાં વાહનો રોકાવી ધાકધમકી આપી ભયમાં મુકી બળજબરીપૂર્વક રૂપિયા કઢાવેલાનો આક્ષેપ છે, ત્યારે આરોપીઓએ આચરેલ ગુનાની મોડેશ ઓપરેન્ડી જોતા, આરોપીઓએ ફરીયાદી તથા અન્ય સાહેદો પાસેથી આ રીતે ધાકધમકીથી ભયમાં મુકી રૂપિયા પડાવેલા હોય ત્યારે આરોપીઓ સામેના ગુનાની ગંભીરતાનું પ્રમાણ વધી જાય છે અને પોલીસે આ તમામ સાહેદોનાં નિવેદનો મેળવેલા છે. આમ, પોલીસ પેપર્સ જોતા આરોપીઓ સામે પ્રાઇમાફેસી કેસ છે, ત્યારે આરોપીઓને જામીન ઉપર મુકત કરવા ન્યાયોચિત જણાતું નથી.

(૭) વધુમાં અરજદાર/આરોપી નં. યોગેશ ઉર્ફે ભાલેરાવ વિરૂધ્ધ ભરૂચ જિલ્લામાં પ્રોહીબીશનના તથા આવા પ્રકારનાં ગુનાઓ મળી કુલ–૯ જેટલા ગુનાઓ નોંધાયેલાનું જણાય છે તેમજ અરજદાર/આરોપી નં. ૨ સંજુકુમાર રામધ્યાન વસાવાનાઓ વિરૂધ્ધ પણ પ્રોહીબીશન તથા આવા જ પ્રકારનાં ગુનાઓ મળી કુલ–૭ જેટલા ગુનાઓ નોંધાયેલા છે. આમ, હાલનાં આરોપીઓ આવા પ્રકારનાં ગુનાઓ કરવાની ટેવવાળા આરોપી છે, જેથી આરોપીઓને જામીન ઉપર મુકત કરવામાં આવે તો, ફરીથી આવા પ્રકારનાં ગુનાઓ કરે તેમ છે, તે

સંજોગોમાં પણ આરોપીઓને જામીન ઉપર મુકત કરવા ન્યાયોચિત જણાતું નથી.

(૮) આમ, ઉપરોકત ચર્ચા કરી તે મુજબ આરોપીઓ સામેના ગુનાની ગંભીરતા, પ્રાઇમાફેસી કેસ, ગુનાહિત ઈતિહાસ તે તમામ હકીકતો તથા સંજોગો જોતા આરોપીઓને જામીન ઉપર મુકત કરવા ન્યાયોચિત જણાતુ ન હોય હાલની જામીન અરજી નામંજુર કરતો છેવટનો આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

(૧) અરજદાર/આરોપી નં. **(૧) યોગેશ ઉર્ફે ભાલેરાવ સંતોષ બેલેરાવ, (૨) સંજુકુમાર રામધ્યાન વસાવા,** બન્ને રહે. જુની વાડી, વસંતમિલની ચાલ, ભારતી પેટ્રોલ પંપની સામે, ભરૂચનાઓની ભરૂચ સીટી 'એ' ડિવીઝન પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૧૯૯૦૧૦૨૬૦૧૭૦/૨૦૨૬ થી બી.એન.એસ. ની કલમ–૧૧૧(૨)(બી), ૧૨૬(૨), ૩૦૮(૨), ૩(૫) મુજબના કામે રેગ્યુલર જામીન ઉપર મુકત થવાની હાલની જામીન અરજી **નામંજુર** કરવામાં આવે છે.

(૨) આ હુકમની જાણ સંબંધીત પોલીસ સ્ટેશનને કરવી.

(૩) આ હુકમની એક નકલ સંબંધીત જેલમાં આરોપીને આપવા માટે મોકલવી અને સુપ્રિન્ટેન્ડન્ટ/જેલરશ્રીએ આરોપીને નકલ આપ્યાનો અત્રેની કોર્ટને રીપોર્ટ કરવો.

આ હુકમ આજ **તા. ૨૨ મી, માહે : જુન, સને : ૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૨૨/૦૬/૨૦૨૬
સ્થળ : ભરૂચ

**(પિંકલ એમ. સોની )**
છઠ્ઠા એડીશનલ સેસન્સ જજ,
ભરૂચ.
**(કોડ નં. જી.જે. ૦૦૭૪૭)**

SUC